सत्यमेव जयते

અમદાવાદના મહેરબાન એડીશ્નલ સિટી સિવીલ & સેશન્સ જજશ્રીની કોર્ટમાં,
અદાલત નંબરઃ 21, (**Bail Court**) અમદાવાદ.

**ફોજદારી પરચુરણ અરજ નંબરઃ 2610 \ 2021**

અરજદારો/આરોપીઓ:–

[1] જીગર કિશોરભાઈ મકવાણા, ઉ.વ.આ.20, ધંધોઃ નોકરી
રહેવાસીઃ
મકાન નંબરઃ 308, ઈન્દીરા ગરીબનગરના છાપરા, બાપુનગર સ્ટેડીયમની બાજુમાં, બાપુનગર, અમદાવાદ

[2] રાકેશ લક્ષ્મણભાઈ પરમાર, ઉ.વ.આ.30, ધંધોઃ મજુરી
રહેવાસીઃ
મકાન નંબરઃ 99\2, જનતાનગર, રો–હાઉસ, શક્તિનગરની સામે, ઓઢવ, અમદાવાદ

[3] હેતલ અનિલભાઈ મકવાણા, ઉ.વ.આ.20, ધંધોઃ નોકરી
રહેવાસીઃ
બબાજીની ચાલી, સ્થાનિક ચાર રસ્તા પાસે, અમરાઈવાડી, નેશનલ હેન્ડલુમની બાજુમા, અમરાઈવાડી, અમદાવાદ

**વિરૂધ્ધ**

સામાવાળા:–
ધી સ્ટેટ ઓફ ગુજરાત

અરજદારો તર્ફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીઃ એ. સી. કેહ્રા
સામાવાળા સરકારશ્રી તર્ફે વિધ્વાન એપીપી શ્રી

બાબતઃ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–439 અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત.

**આંક–1 લગત હુકમ**

**01.** આ ગુના કામના અરજદારો/આરોપીઓએ Naroda Police Station (I) ગુના રજીસ્ટર નંબરઃ 11191035210447\2021, The Immoral Traffic (Prevention) Act, 1956, Section–3, 4, 5, 7 મુજબના ગુન્હા સબબ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–439 અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની આ રેગ્યુલર જામીન અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

**02.** આ કામના અરજદારો/આરોપીઓની હાલની જામીન અરજી અન્વયે ફરીયાદપક્ષને નોટીશ કાઢતાં, ફરીયાદપક્ષ તર્ફે સંબંધિત વિધ્વાન એપીપીશ્રી હાજર થયેલા છે. આ કામના અરજદારો તર્ફે એફ.આઈ.આર.ની નકલ વિગેરે રજુ કરેલ છે તે તમામ વંચાણે લીધેલ છે તથા સરકારશ્રી તર્ફે પોલીસ પેપર્સ રજુ થયેલ છે, જે તમામ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધેલ છે.

**03.** આ કામે રેગ્યુલર જામીન અરજીના સંદર્ભમાં સંબંધિત વિધ્વાન એપીપીશ્રીને સાંભળ્યા તથા આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલશ્રી એ.સી.કેહ્રાને સાંભળ્યા.

04. આ કામના અરજદારોના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી એ.સી.કેહ્લા દ્વારા જામીન અરજીના સંદર્ભમાં રજુઆત છે કે, ત્રણેય અરજદારો તારીખઃ 03\04\2021 થી જેલમાં આવેલા છે. અરજદારો વિરૂધ્ધની ફરીયાદ કાયદાની જોગવાઈઓ મુજબ ટકી શકે તેમ નથી તેમજ હાલના કામના અરજદારો તદ્દન નિર્દોષ અને બેગુનાહ છે. અરજદારો વિરૂધ્ધ આ પ્રથમ ગુન્હો છે. અરજદારો આ પહેલાં આ પ્રકારના કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. અરજદારોને પોલીસે ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલા છે. વધુમાં રજુઆતો થયેલી છે કે, અરજદારો ઉપરોક્ત સ્પાના માલીકો નથી. અરજદાર નં.3 ત્યાં રિસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતાં હતા તથા અરજદાર નં.1 માત્ર અરજદાર નં.3 ના સગા હોવાથી જમવાનું ટીફીન આપવા આવેલા હોય ત્યાંથી મળી આવતાં ખોટી રીતે સંડોવી દીધેલા છે તથા અરજદાર નં.2 ત્યાં હાજર ન હતાં પાછળથી બોલાવીને ધરપકડ કરવામાં આવેલી છે. વધુમાં રજુઆતો થયેલી છે કે, અરજદારો વિરૂધ્ધ કે હાલના સ્પા વિરૂધ્ધ ક્યારેય આવા પ્રકારના કોઈ ગુન્હા કે અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા નથી. અરજદારોને વધુ સમય જેલમાં રહેવું પડે તો પરિવારને આર્થિક નુકશાન જાય તેમ છે તેમજ ભાવી જીવન સાથે તથા માનસ સાથે ચેડાં થાય તેમ છે. અરજદારો પુખ્ત વયના છે અને ક્યારેય પણ આવી પ્રવૃત્તિઓ સાથે સંડોવાયેલા નથી. અરજદારો પોતાના કુટુંબ પરિવાર સાથે અમદાવાદ મુકામે કાયમી વસવાટ કરે છે. અરજદાર નં.1 કાપડની દુકાનમાં નોકરી કરે છે તથા અરજદાર નં.2 મજુરી કામ કરે છે તથા અરજદાર નં.3 નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. અરજદારો ક્યાંય નાસી ભાગી જાય તેવા પ્રકારના નથી. અરજદારો વિરૂધ્ધ અગાઉ કોઈ ગુન્હા નોંધાયેલા નથી કે ગુન્હાહીત માનસ ધરાવતાં નથી. જેથી નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટે વખતો વખત ઠરાવેલ સિદ્ધાંતો આધારે હાલના અરજદારોને જામીન મુક્ત કરવા રજુઆતો કરેલી છે.

05. સામાવાળા સરકારશ્રી તર્ફે સંબંધિત વિધ્વાન એપીપીશ્રી એ હાલની જામીન અરજીનો વિરોધ કરી તપાસનીશ અમલદારની તપાસને તથા સોગંદનામાને અનુલક્ષીને મુખ્યત્વે દલીલો કરેલી છે કે, અરજદારો વિરૂધ્ધ સમગ્ર સમાજને અસરકર્તા ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલો છે તથા આરોપીઓ વિરૂધ્ધના ગુન્હાની વિગતો જોવામાં આવે તો વૈશ્યાવૃત્તિના ધંધામાં આરોપીઓનો સક્રીય રોલ આવેલો છે. તપાસ હજુ ચાલું છે. હાલના અરજદારો તથા વોન્ટેડ આરોપી ભેગા મળી પોતાના આર્થિક ફાયદા સારું બહારથી ભાડુઆતી સ્ત્રીઓ લાવી, બહારથી પુરુષો ગ્રાહકો બોલાવી, સ્પાની આડમાં ગેરકાયદેસરનો વેશ્યાવૃત્તિનો ધંધો કરી, કુટણખાનું ચલાવવા સારું વેપાર કરતાં પકડાયેલા છે. તપાસ ચાલુ છે અને હજું કેટલા સમયથી સ્પાની આડમાં કુટણખાનું ચાલે છે? બીજી કેટલી સ્ત્રીઓ વૈશ્યાવૃત્તિનો ધંધો કરે છે તથા કુટણખાનામાં બીજા કેટલા ઈસમો સંડોવાયેલા છે? તે બાબતે તપાસ કરવી જરૂરી છે. આરોપીઓ જામીન છુટ્યા બાદ ફરીથી ગેરકાયદેસરની વૈશ્યાવૃત્તિનો ધંધો કરી સમાજમાં દુષણ/બદી ફેલાવશે, તપાસમાં સાથ સહકાર આપશે નહિં અને નાસી ભાગી જશે જેથી અરજદારોની હાલની જામીન અરજી નામંજુર કરવા ભારપૂર્વકની રજુઆતો ગુજારેલી છે.

**06.** બન્ને પક્ષકારોની રજુઆતો સાંભળી, જામીન અરજી વંચાણે લીધી, આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા એપીપીશ્રીએ જામીન અરજી વિરૂધ્ધની કરેલ રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, હાલના અરજદાર વિરૂધ્ધ નરોડા પોલીસ સ્ટેશન ખાતે (I) ગુન્હા રજીસ્ટર નંબરઃ 11191035210447\2021 થી ધી અનૈતિક વેપાર (નિવારણ) અધિનીયમ, 1956 ની કલમ–3, 4, 5, 7 મુજબના ગુન્હાના આક્ષેપો આક્ષેપાયેલા છે.

**07.** પ્રસ્તુત કામે રેકર્ડ ધ્યાને લેતાં, અત્રે એ ઉલ્લેખનિય છે કે, ફરીયાદ વંચાણે લેતાં, એ સ્પષ્ટ થાય છે કે વોન્ટેડ આરોપી રાહુલભાઈ અમરતભાઈ મેવાડા, રહેવાસીઃ I\05, આગમન સોસાયટી, ગુરૂદ્વારા પાસે, એસ.પી.રીંગ રોડ, ઓઢવ, અમદાવાદનાંઓને ધરપકડ કરવાના બાકી છે, કે જેઓ સદરહું સ્પાના માલીક છે અને તેઓના કહેવા પ્રમાણે હાલના અરજદારો/આરોપીઓ સદરહું સંચાલન કરતાં હતાં. અલબત હાલના અરજદારો/આરોપીઓ સદરહું સ્પાના માલીકોનો નથી. મુખ્ય આરોપી વોન્ટેડ રાહુલભાઈ અમરતભાઈ મેવાડા છે અને તેઓ ઉપરોક્ત જગ્યા (સ્પા) ના માલીક છે, તેઓને પકડવાના હજુ તપાસ કરનાર અમલદાર દ્વારા બાકી છે. હાલના અરજદારોનો રોલ જોવામાં આવે તો અરજદાર નં.3 સ્ત્રી ઈસમ છે અને ઉપરોક્ત સ્પામાં રિસેપ્શનીસ્ટ તરીકે નોકરી કરતાં હોવાનુ દર્શિત છે. અલબત અરજદાર નં. 1,3 પણ ઉપરોક્ત સંસ્થામાં કામ કરતાં હોવાનુ જણાઈ આવે છે ત્યારે હાલની અરજીના તમામ અરજદારો/આરોપીઓ નાની વયના છે,જે પૈકી અનુક્રમે ઉ.વ.20, ઉ.વ.30 તથા ઉ.વ.20 આવેલ છે. અરજદાર નં.3 સ્ત્રી ઈસમ છે. વળી, અરજદારો/આરોપીઓ અમદાવાદના કાયમી સ્થાનિક રહેવાસી છે, ક્યાંય નાસી ભાગી જાય તેવા નથી અને તપાસમાં પુરતો સાથ સહકાર આપે તેમ જણાતું હોય તથા વોન્ટેડ મુખ્ય આરોપીને પકડવાની તપાસમાં તપાસ કરનાર અમલદારને સાથ સહકાર આપે તેવી શરતો લાદવામાં આવે અને જામીન મુક્ત કરવામાં આવે તો ન્યાયનો હેતુ બર આવે તેમ છે. વળી, હાલની જામીન અરજીના અરજદારો/આરોપીઓ વિરૂધ્ધ હાલનો આ પ્રથમ ગુન્હો છે, અગાઉ કોઈ આવા પ્રકારના ગુન્હાઓ અરજદારો/આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલા હોય તેવું તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં જણાઈ આવતું નથી. આમ, અરજદારો/આરોપીઓનો ગુન્હાહીત ભુતકાળ જણાઈ આવતો નથી. અત્રે એ પુનઃરોચ્ચારણ કરવામાં આવે છે કે, અરજદારો ઉપરોક્ત સ્પાના માલીકો કે કબજેદાર હોવા બાબત રેકર્ડ ઉપર નથી. જેથી બનાવવાળી જગ્યાની માલીકી હાલના અરજદારોની ગણી શકાય તેમ નથી, કે ગુન્હામાં મુખ્ય રોલ ભજવેલો હોય અને નહિં પકડાયેલા વોન્ટેડ આરોપીના કોઈ સગા પૈકી હાલના અરજદારો હોય તેમ જણાતું નથી.

**08.** જ્યાં સુધી અરજદારો/આરોપીઓની હાલની જામીન અરજીનો પ્રશ્ન છે ત્યાં સુધી હાલના અરજદારોની ઉપરોક્ત વૈશ્યાગૃહ વ્યવસાયમાં કે વાશ્યાવૃત્તિમાં પ્રથમદર્શનિય સંડોવણી હોય તેવું જામીન અરજીના તબક્કે જણાઈ આવતું નથી. જે મુખ્ય આરોપી સ્પાના માલીક છે તે વોન્ટેડ છે. **ઈમ્મોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટ, ૧૯૫૬ ની કલમ– ૫, ૬** માં મહત્તમ સજાની જોગવાઈ આજીવન કારાવાસની જોગવાઈ છે, હાલના આરોપીઓ તે મુખ્ય આરોપીઓ આવેલા નથી. મુખ્ય આરોપી વોન્ટેડ છે અને

વોન્ટેડ આરોપી સદરહું સ્પાના માલીક કબજેદાર અને કર્તાહતા છે, હાલના અરજદારોનો રોલ જોવામાં આવે તો નોકરી કરતાં તથા સંસ્થામાં સેવા આપતાં કર્મચારીઓ પ્રકારનો રોલ જણાઈ આવે છે. જો કે, અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે જામીન અરજીના તબક્કે પુરાવાની ચર્ચા અસ્થાને છે. સમગ્ર ટ્રાયલના અંતે તમામ આરોપીઓનો રોલ નિર્ણીત થઈ શકે તેમ છે. જેથી હાલની જામીન અરજીના તબક્કે પુરાવાની ચર્ચા સિમીત રાખેલી છે.

**09.** વળી, **2012, G. L. H., Page No. 1–93 સંજયચંન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઈ.** મા ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, આરોપીઓને જ્યુડીશ્યલ કસ્ટડીમાં રાખવામા આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેવા સંજોગોમાં, જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે તે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં તેમજ હાલના ગુના કામનુ ટ્રાયલ ચાલતાં ઘણો સમય જાય તેમ છે તેવા સંજોગોમાં તથા હાલના અરજદારોને જામીન મુક્ત કરવા મને ન્યાયોચીત જણાય છે તેમજ હાલના કામે અરજદારોની હવે વધુ કોઇ કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરૂરીયાત જણાઇ આવતી નથી ત્યારે તથા અરજદારો તમામ શરતોનુ પાલન કરવા તૈયાર છે તેવા સંજોગોમાં જામીન અરજી નામંજુર કરવા માટે કોઈ કારણ નથી જેથી કેસના ગુણદોષમાં ઉતર્યા સિવાય કે પુરાવાની ચર્ચા કર્યા સિવાય જો અરજદારો /આરોપીઓને યોગ્ય શરતો મૂકી આરોપીઓની હાજરી નિશ્ચિંત થતી હોય તો અને પુરાવા સાથે ચેડાં કરે તેમ ન હોય તેવા સંજોગોમાં જામીન અરજીનો ઇન્કાર થઇ શકે નહીં અને તેથી આ કામનાં આ કામનાં અરજદારો / આરોપીઓ અમદાવાદનાં કાયમી રહીશ છે, નાસીભાગી જાય તેમ નથી તેથી શરતોને આધીન જામીન અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાય છે.

**10.** હાલના અરજદારો/આરોપીઓની રજુઆત છે કે, શંકાના આધારે તેમના સંડોવેલા છે પરંતુ હાલના અરજદારો/આરોપીઓની ગુના કામના સંડોવણી છે કે કેમ તે પુરાવાનો વિષય છે. હાલના જામીન અરજીના તબક્કે પુરાવાની ચર્ચા થઇ શકે નહીં. સમાજનુ કોઇ દુષણ ડામી દેવા પ્રિ–ટ્રાયલ સજા થાય તે રીતે અરજદારો/આરોપીઓને જેલમાં ગોંધી રાખી શકાય નહીં. અરજદારો/આરોપીઓ સામે આક્ષેપાયેલ સજાની જોગવાઇ જોતાં તથા નામદાર સુપ્રિમકોર્ટે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે. હાલના કેસમાં જામીન અરજીના તબક્કે પુરાવાઓનુ વિશ્લેષણ થઈ શકે નહીં, આરોપીઓની સંડોવણી તે પુરાવાનો વિષય બની રહે. પુરાવો લીધા બાદ આરોપીઓની સંડોવણી નિર્ધારીત થઈ શકે તેમ છે. આ અંગે **નામદારશ્રી સુપ્રિમકોર્ટ 1984 G. L. R., Page No. 515, ભગીરથસિંહ જાડેજા**ના ચુકાદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લક્ષમાં લેવો આવશ્યક ગણું છું. નામદાર સુપ્રિમકોર્ટે ઉપરોક્ત ચુકાદામાં એ બાબત સ્પષ્ટ કરેલ છે કે , જો ગુનાના કામે આરોપીઓની પ્રથમદર્શનિય સંડોવણી હોવાનુ ફલિત થતુ ન હોય તો તે સંજોગોમાં આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવા માટે અન્ય કોઈ બાબતની ચર્ચાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ રેકર્ડ ઉપરના પુરાવા આધારે આરોપીઓની ગુનાના કામે પ્રથમદર્શનિય સંડોવણી હોવાનુ ફલિત થતુ હોય તો પણ માત્ર સજા

સ્વરૂપે આરોપીઓને જામીન ન આપવાનો અભિગમ અપનાવવો ન જોઈએ. અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરતાં સમયે અરજદારો/આરોપીઓ ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે કે કેમ તથા અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવાના કારણે ફરીયાદપક્ષના સાહેદો સાથે કોઈ ચેડાં થવાની સંભાવના રહેલી છે કે કેમ? તે બાબતો મહત્વની બને. આ કામના અરજદારોનો રોલ જોતાં તથા મુખ્ય વોન્ટેડ આરોપી ઉપરોક્ત સ્પાના માલીક છે અને તેઓને પકડવાના બાકી છે, પરંતુ તે કારણોસર હાલના અરજદારો/આરોપીઓને જેલમાં રાખવા ન્યાયોચિત જણાતું નથી.

**11.** વળી આ કામના અરજદારો/આરોપીઓને કડક અને ચુસ્ત શરતોનું પાલન કરવાની શરતે જો જામીન મુક્ત કરવાથી તથા તેઓની હાજરી શક્ય બનતી હોય તો અરજદારો/આરોપીઓને જામીન આપવા જોઈએ અને તે ન્યાય સંગત કહી શકાય તેમ છે. આમ, અરજદારો/આરોપીઓની ઉંમરને નજર સમક્ષ રાખતાં નાની વયના છે. અમદાવાદ શહેરના કાયમી રહેવાસી છે ક્યાંય નાસી ભાગી જવાની શક્યતા નથી તથા તપાસ કરનાર અમલદારને ડગલે ને પગલે જરૂર પડે ત્યારે ત્યારે તપાસમાં તેઓ સંપૂર્ણપણે સાથ સહકાર આપવા તૈયાર છે ત્યારે તેવા સંજોગોમાં યોગ્ય અને કડક શરતોને આધિન અરજદારો/આરોપીઓને જામીન મુક્ત કરવામાં આવે તો ન્યાયનો ઉમદા હેતુ સરે તેમ છે, જેથી અરજદારો/આરોપીઓની હાલની શરતી જામીન અરજી મંજુર કરવી જોઇએ તેવા નિર્ણય ઉપર આવી નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

## — હુકમ —

**01.** ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–439 અન્વયેની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી શરતી મંજુર કરવામાં આવે છે.

**02.** આ કામના અરજદારો/આરોપીઓ [1] જીગર કિશોરભાઈ મકવાણા, [2] રાકેશ લક્ષ્મણભાઈ પરમાર, [3] હેતલ અનિલભાઈ મકવાણાનાંઓને **નરોડા પોલીસ સ્ટેશન** ખાતે નોંધાયેલ **(I) ગુન્હા રજીસ્ટર નંબરઃ 11191035210447\2021 થી ધી અનૈતિક વેપાર (નિવારણ) અધિનીયમ, 1956 ની કલમ–3, 4, 5, 7** મુજબના સજાને પાત્ર ગુન્હાના કામે અરજદારો/આરોપીઓ દ્વારા અલગ અલગ રૂા.15,000/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ની કિંમતના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોનુ ચુસ્તપણે પાલન કરવાની શરતે રેગ્યુલર જામીન ઉપર છોડવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**<u>મુખ્ય શરતઃ</u>**

આ કામના અરજદારો/આરોપીઓએ તપાસ કરનાર અમલદારને સાથ સહકાર આપવો તથા ટ્રાયલ વખતે મુખ્યત્વે હાજર રહેવું તેમ કરવામાં કસુર કરવો નહિં તથા આવા ગુન્હાઓનું પુનરાવર્તન થાય નહિં તેની કાળજી રાખવી.

**અન્ય શરતો:**

**01.** આ કામના અરજદારો/આરોપીઓએ પોતાનાં કાયમી રહેઠાણ/સરનામા અંગેનો કોઇ પણ એક દસ્તાવેજી પુરાવો/આધાર સંબંધિત સક્ષમ અદાલત સમક્ષ જામીન મુક્ત થયાના દિન–7 મા રજુ કરવો.

**02.** આ કામના અરજદારો/આરોપીઓએ સંબંધિત સક્ષમ અદાલતની પૂર્વે પરવાનગી લીધા સિવાય પોતાના સરનામામાં કોઈજ ફેરફાર કરવો નહી અને જો કોઇ સંજોગોમાં તે સરનામામાં કોઇ પણ જાતનો ફેરફાર કરવાનો થોય તો તાત્કાલીક ધોરણે તે અંગેની જાણ સંબંધિત સક્ષમ અદાલતને લેખીતમાં કરવાની રહેશે.

**03.** આ કામના અરજદારો/આરોપીઓએ તથા જામીનદારે જામીનખત સાથે પોતપોતાના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ રજુ કરવા તથા સંબંધિત સક્ષમ અદાલતમા ઓળખ સંબંધે પોતપોતાનુ ફોટો આઇ.ડી. પ્રુફ જેવા કે ચુંટણી ઓળખકાર્ડ અથવા તો ડ્રાયવિંગ લાયસન્સ અથવા તો પાનકાર્ડની કોપી રજુ કરવી.

**04.** આ કામના અરજદારો/આરોપીઓએ સંબંધિત સક્ષમ અદાલતની પૂર્વે પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ્દ છોડવી નહીં.

**05.** આ કામના અરજદારો/આરોપીઓએ પોતે પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત સક્ષમ અદાલતમા જામીન ઉપર છૂટયાના દિન–3 માં જમા કરાવવો. જો અરજદારો/આરોપીઓ પાસપોર્ટ ન ધરાવતા હોય તો પાસપોર્ટ ધરાવતા નથી તેવુ સોગંદનામાં આધારે જાહેર કરવું.

**06.** આ કામના અરજદારો/આરોપીઓએ સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી સમક્ષ તેઓ જામીન ઉપર મુક્ત થયા બાદ જ્યાં સુધી હાલના કેસનું ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહીનાની **1 લી** તથા **15 મી** તારીખે સવારના **11:00** થી બપોરના **03:00** વાગ્યાના સમયગાળામાં સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશન ઓફીસરશ્રી સમક્ષ હાજરી પુરાવવી, તેમ કરવામાં કસૂર કરવો નહિં.

**07.** જો આ કામના અરજદારો/આરોપીઓ ઉપરોક્ત રીતે હાજરી પુરાવવામાં કસૂર કરે તો સંબંધિત પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ તુરંત જ સંબંધિત સક્ષમ અદાલત ને લેખીતમાં રીપોર્ટ કરવો.

**08.** આ કામના અરજદારો/આરોપીઓની અન્ય ગુનાના કામે જરુરીયાત ન હોય તો આ હુકમથી આરોપીને હાલના ગુનાના કામે જામીન મુક્ત કરવા.

**09.** આ હુકમનો અમલ કરવા સારુ એક એક યાદી સંબંધિત સક્ષમ અદાલત તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટરશ્રી તર્ફે જાણ થવા તથા યોગ્ય કાર્યવાહી થવા સારૂ મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ: 07, માહે: એપ્રીલ, 2021 ના રોજ
ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: અમદાવાદ.
તારીખ: 07\04\2021

(વિનોદ વી. પરમાર)
સિટી સિવીલ & સેશન્સ જજ,
સિટી સિવીલ & સેશન્સ કોર્ટ,
અદાલત નંબર: 21, અમદાવાદ
Unique ID No. GJ01514

– ચંદ્રકાન્ત ન. વાળા, રહસ્ય સચિવ